# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૨૨ સને ૨૦૨૪ સં.૨૦૮૦
અંક : ૯ ફાગણ-માર્ચ સળંગ અંક-૧૨૯

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ
**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**
પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ
ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,
અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,
આચાર્યદેવ શ્રીમદ્
**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**
**અને**
**: પત્ર વ્યવહાર :**



રાજેશ બી. શાહ
જી-૨૦૪, ઈન્દ્રપ્રસ્થ-૫, પ્રહ્લાદનગર
ગાર્ડન સામે, એચ.ડી.એફ.સી. બેન્કની
લાઈનમાં, સુરધારા બંગ્લોઝ પાસે,
પ્રહલાદનગર, અમદાવાદ-૧૫.
(M) 9925012355



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**
**આજીવન રૂ. 1000-00**
**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ **અહો નવકાર !!!**
★ **આ અંકની લઘુકથા**
★ **માનવ નિર્દય બનતો જાય છે...**


## આર્ષવાણી

**एगं पि जो पबोहइ,**
**पावासत्तं जिणधम्मंमि ।**
**सव्वजियाण विदिन्नं,**
**अभयमहादाणमिह तेण ।।**

**પાપમાં ડૂબેલા એક માનવને પણ જે શ્રી જિનધર્મમાં પ્રતિબોધે છે તે સર્વજીવોને અભય - મહાદાન આપનારો બને છે.**

યોગ્ય પાત્રમાં ધન-ધાન્ય વગેરે પદાર્થોનું દાન કરનારા જગતમાં ઢગલાબંધ મળે, તેનો લાભ પણ મહાન છે પરંતુ પુત્રરૂપી ભિક્ષા આપનાર ભદ્રાદેવી જેવાં તો ક્યારેક જ મળે !



# ★ અહો નવકાર !!! ★★★

**આલેખન : પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

**ચંડપિંગલચોર :**

જેના હૈયે શ્રી નવકાર, તેને શું કરશે સંસાર ! જેવી પંક્તિઓ નવકારની શક્તિ દર્શાવે છે. મંત્રોમાં સર્વોપરિ અને શાશ્વત છે, આ નવકાર ! ઉપધાનાદિ વિધિ વિના પણ ગણેલો નવકાર અકલ્પ્ય ફળ આપી શકતો હોય તો વિધિસાથે ગણવામાં આવે તો કેવાં અમૃત ફળોનો આસ્વાદ કરાવે ? વિચારતાં એમ લાગે છે કે જગતમાં તમામ ફળોમાં કલ્પવૃક્ષનાં ફળો અવ્વલ ગણાય છે. શ્રીઋષભદેવ ભગવાને દીક્ષા ન લીધી ત્યાંસુધી દેવોદ્વારા દેવકુરુ-ઉત્તરકુરુ ક્ષેત્રમાંથી લાયેલાં કલ્પવૃક્ષનાં ફળો જ વાપરતા હતા. મતલબ, તે ફળોનો આસ્વાદ, તે વાપરવાથી શરીરને મળતું તમામ પ્રકારનું પોષણ, સાતે ધાતુની થતી પુષ્ટિ... વગેરે કેવાં હશે ! તેનાથીય મીઠાં - મધુરાં અને માત્ર શરીરની જ નહીં, આત્મગુણોની પુષ્ટિની, આ લોક - પરલોકને ઉજ્જ્વળ બનાવવાની તાકાત, કેવળજ્ઞાનની ભેટ ધરવાની ક્ષમતા વગેરે ધરાવતાં નવકારનાં ફળો કેવાં હશે ? કલ્પવૃક્ષનાં ફળો તો કદાચ પુણ્ય હોય તો મળે ને દ્રવ્યરોગને ભગાડી દ્રવ્ય આરોગ્યને પ્રાપ્ત કરાવે કરંતુ નવકારનાં મળતાં ફળો તો પુણ્યની પુષ્ટિ કરાવી દ્રવ્ય-ભાવ: ઉભય આરોગ્યને પ્રાપ્ત કરાવી દે છે. ઘનઘાતિ કર્મોના ચૂરેચૂરા કરાવવા માટે સક્ષમ છે, એમ મહાનિશીથ નામના પ્રભાવશાળી-દેવાધિષ્ઠિત આગમગ્રંથમાં ફરમાવ્યું છે.

મોટી-મોટી આપત્તિઓને અવસરમાં ફેરવવાની તાકાત આ વિશિષ્ટ મંત્રમાં રહેલી છે. ભાવથી ગણેલો નવકાર સર્વ ઈચ્છિતોને આપવા સમર્થ છે. જન્મને અને જીવનને સુધારવાની તાકાત પણ આ નવકાર ધરાવે છે ! પાપનો દુશ્મન અને પુણ્યનો મિત્ર છે આ નવકાર ! રાવણનેય રામ બનાવનાર આ જ મંત્ર છે. મતલબ, કામવાસનાથી પીડાતા જીવને ભગવદ્ - ઉપાસક આ નવકાર બનાવે છે. લોખંડ જેવા પાપી જીવને જો નવકારમંત્રનો સ્પર્શ મળી જાય તો એ સુવર્ણમાં પરિવર્તિત થઈ જાય છે !

ચંડપિંગલ ચોરના કથાનકના માધ્યમથી નવકારમંત્રના મહિમાને હૃદયસ્થ બનાવીએ, મહિમા દ્વારા નવકાર મંત્રની દિલમાં પ્રતિષ્ઠા કરીએ.

વસંતપુરનગર, ત્યાં જિતશત્રુ રાજાનું રાજ્યશાસન ચાલે છે. રાજાને ભદ્રા વગેરે ઘણી રાણીઓ છે. ભદ્રા પટ્ટરાણી છે. તે નગરમાં ચંડપિંગલ નામનો ચોર રહેતો હતો. નગરના નાગરિકોને ચોરી દ્વારા ત્રાસ આપતો. કડક અનુશાસનવાળા રાજાઓ માટે આવાં દુષ્ટ તત્ત્વો ક્યારેક પડકાર રૂપ હોય છે.રાજા કે રાજ્યના સિપાઈઓ પણ તેને પકડી શકતા નથી. નગરજનોની રોજ ફરિયાદ ચાલુ છે. રોજ કોઈકના ઘરમાં ચોરી થયાની વાત નગરમાં ફેલાય છે ને રાજદરબારમાંય સુરક્ષા

માટે પ્રજા વિનંતિ કરે છે. રાજા માટેય માથાનો દુઃખાવો સાબિત થયો છે. લોકોનાં ઘરો તો લૂંટતો. એકવાર રાજમહેલમાં પ્રવેશ કર્યો ! રાણીના કિંમતી હારની ચોરી કરી. વળી આ ચંડપિંગલ જેને પ્રેમ કરતો હતો, તે કલાવતી વેશ્યાને તે હાર પહેરવા આપ્યો. પ્રેમ આગળ પૈસાની શું કિંમત ? 'પ્રેમ આંધળો છે' એવું કહેવા પાછળ કાંઈક તો રહસ્ય છે ને ? પ્રેમથી દિવાનો બનેલો માનવ પોતાને બદલે જેના ઉપર પ્રેમ હોય છે, તેનું ઘર ભરે છે. પોતાના પરિવાર કરતાંય તેનું વધારે ધ્યાન રાખે છે. તેના સુખ-દુઃખની ચિંતા વધારે કરે છે. રાત-દિવસ તેના જ વિચારોમાં ખોવાયેલો રહે છે. ચંડપિંગલ અને કલાવતી વેશ્યા વચ્ચે આવો પ્રેમ હતો. અલબત્ત, આ વેશ્યા કલાવતીમાં થોડા-ઘણા જૈનધર્મના સંસ્કારો હતા. જૈન ધર્મનું જ્ઞાન પણ હતું. તેના ઉપર આસ્થા પણ હતી.

કેટલોક કાળ વીતી ગયો. હારની ચર્ચા નગરમાં શમી ગઈ હતી. તેમાં મદનતેરસનો ઉત્સવ નગરમાં આવ્યો. બધા નગરજનો ક્રીડા કરવા માટે નગર બહાર ભેગા થયા હતા, કલાવતી પણ કિંમતી વસ્ત્રાલંકારમાં સજ્જ થઈ ત્યાં પહોંચી. કલાવતીના ગળામાં રહેલ રાણીનાં એ કિમતી રત્નના હાર પર રાણીની દાસીની નજર ગઈ. દાસી એ હાર ઓળખી ગઈ. દાસીએ આ હારની વાત રાણીને કરી. રાણીએ એ વાત રાજાને કરી. રાજાએ સેવકોને તપાસ કરવા હુકમ કર્યો. રાજસેવકો તપાસ કરતાં કરતાં કલાવતીને ત્યાં પહોંચ્યા. પગેરું શોધવામાં રાજસેવકોને સફળતા મળી ગઈ. ચંડપિંગલ તે સમયે કલાવતીને ત્યાં જ હતો. હારની ચોરી ચંડપિંગલે કરી હતી, તેથી તેને પકડીને રાજ દરબારમાં હાજર કર્યો. વર્ષોથી ચોરી કરવા દ્વારા પ્રજાને રંજાડનાર ચોર હાથમાં આવી ગયો. હવે તેને કોઈ છોડે ?

કલાવતીને આ વાતની જાણ થઈ પોતે મનોમન નક્કી કર્યું. આજથી ચંડપિંગલ સિવાય બધા જ મારે માટે ભાઈ તે ચંડપિંગલ પાસે પહોંચી ગઈ. ચોરની ફાંસીમાં હું નિમિત્ત બની. મારા કારણે તેની આવી કદર્થના થશે, એવું જાણી તેણીને પણ પોતાના પ્રેમી પ્રત્યે લાગણી જન્મી, ત્યાં જઈ ચંડપિંગલકને કહ્યું. હવે પાપની સજા ભોગવવા સિવાય કોઈ આરો નથી. તેથી બીજા વિચારો છોડીને ધર્મનો સહારો લેવો યોગ્ય છે. દુર્ગતિથી બચવાના ઉપાયરૂપે કલાવતીએ એ ચંડપિંગલને નવકાર શીખવાડ્યો. ચોરને આ મંત્રાધિરાજના સ્મરણ સાથે નિયાણું કરાવ્યું. નિયાણામાં એમ કહ્યું કે. તારે મનમાં એવો ભાવ લાવવાનો - કરવાનો કે - 'આ નવકાર મહામંત્રના પ્રભાવે, મરીને હું રાજાના પુત્ર તરીકે ઉત્પન્ન થાઉં'

જૈનધર્મ પ્રમાણે આવાં નિયાણાં કરવાનો નિષેધ છે. આવાં પાપનિયાણાનાં નવ પ્રકાર ભગવાને જણાવ્યાં છે. પાપ નિયાણાં કરવાથી, જે ધર્મની અબજોની કિંમત હતી, તેને કોડીના મૂલ્યથી વેચી દેવા જેવી બાલિશ-મૂર્ખાઈ ભરી પ્રવૃત્તિ થાય છે. ચિંતામણિ રત્નને મમરા માટે વેચવા જેવી અજ્ઞાનતા પ્રદર્શિત થાય છે.



વળી, ધર્મના ફળસ્વરૂપે માંગવાથી ઇન્દ્રપણું - ચક્રીપણું - રાજરાજેશ્વરપણું - દેવ - વિદ્યાધરપણું મળી જાય... પરંતુ ત્યાંથી આગળનું ભાવિ અંધકારમય - દુઃખમય હોય છે. માટે આવી ચેષ્ટા ક્યારેય ન કરવી. સુભૂમ - બ્રહ્મદત્ત ચક્રવર્તી, દ્રૌપદી વગેરે નિયાણાના પ્રભાવે જ તે - તે પદ વગેરે પામ્યાં હતાં. ત્યાંથી આગળના ભાવ બગડ્યા, બગાડ્યા. ભૌતિક દૃષ્ટિએ કે આધ્યાત્મિક દૃષ્ટિએ નિયાણાં અનર્થકારી જ છે. કોઈપણ ધર્મ, માત્ર કર્મનિર્જરાની ભાવનાથી જ કરવાનો છે. નિયાણું કરવાથી પ્રવૃત્તિ સારી હોવા છતાં વૃત્તિ દૂષિત બની જાય છે. પ્રવૃત્તિ કરતાં અપેક્ષાએ વૃત્તિ (ધ્યેય - લક્ષ્ય) વધારે મહત્ત્વની છે, તેથી વૃત્તિ ન બગડે તેની સતત કાળજી રાખવી જોઈએ.

ચંડપિંગલને ત્યાં જૈન ધર્મની કોઈ જ જાણકારી ન હોવાથી અને કલાવતી જે કહે છે તે, હિત માટે જ હશે, તેવી શ્રદ્ધાથી અથવા તેવા પ્રકારના કલાવતી પરના મોહના કારણે, તેની વાત સ્વીકારીને ચંડપિંગલે નિયાણું કરી લીધું.

નિયાણું કરી લીધા બાદ ચંડપિંગલને શૂળીએ ચઢાવ્યો. વેદના અને નમસ્કાર મહામંત્રના સ્મરણ વચ્ચે મૃત્યુ પામ્યો. મહામંત્રના પ્રભાવે તે ત્યાંથી મૃત્યુ પામી રાજાની પટરાણી ભદ્રાની કુક્ષિમાં ઉત્પન્ન થયો. જિંદગીનો મોટો ભાગ ચોરી નામના પાપમાં પસાર કર્યો... ચોરીની સાથે બીજાં કેટલાંય પાપોથી પણ જીવન ખરડાયેલું હતું. કલાવતી વેશ્યાનો સંગ હતો. કેટલાંક પાપ એવાં હોય છે કે તે બીજાં બીજાં અનેક પાપોને ખેંચી લાવે. આવા જીવનમાં સુકૃતોની કલ્પના ક્યાંથી કરી શકાય ? સજ્જનની સોબત કે સંગતિ ન હોવાના કારણે દુર્જનતા ક્યાંથી દૂર થાય ? સજ્જનતા ક્યાંથી આવે ? પાપથી આવેલો પૈસો હોય તેનાથી સારું કાર્ય કરવાનું સ્વપ્ન પણ ક્યાંથી આવે ? સત્કાર્યોના અભાવમાં સદ્ગતિ ક્યાંથી મળે ?

આવા દુર્જનતાથી - દુર્ગુણોથી - ચોરી વગેરે વ્યસનોથી અને અઢળક પાપોથી ભરેલા જીવનવાળા જીવને સદ્ગતિ ન જ મળે એ સ્વાભાવિક છે. આ વાસ્તવિકતા વચ્ચે માત્ર ને માત્ર નવકારના બળે ચંડપિંગલને રાજકુળમાં જન્મ મળી ગયો. મતલબ, તે ચોર મૃત્યુ પામી રાજકુળમાં, ભદ્રારાણીની કૂખમાં આવી ગયો ! નવકારની તાકાત કેટલી, દુર્ગતિને સદ્ગતિમાં પરિવર્તિત કરવાનું સામર્થ્ય છે નવકારમંત્રમાં !!

ગર્ભસ્થિતિ પૂરી થતાં જ ભદ્રામાતા-રાણીએ પુત્રને જન્મ આપ્યો. પટરાણીની કુક્ષિથી જન્મ પામવાના કારણે જિતશત્રુ રાજાએ પુત્ર જન્મનો મોટો મહોત્સવ ઊજવ્યો. પુત્રને જોઈ રાજા-રાણી વગેરે ખુશ થયા. ભવિષ્યનો રાજા આવ્યો; એમ માની નગરજનોમાં પણ આનંદ ફેલાયો. રાજાએ જે ચંડપિંગલ તરીકે ચોરને ફાંસીએ ચઢાવી મારી નંખાવ્યો, તેનો જ જન્મ મહોત્સવ મનાવ્યો ચોર રહેલા જીવને હવે રાજકુળમાં કેવાં ખાન-પાન અને માન-સન્માન મળી રહ્યાં છે ! આટ-આટલાં પાપો કરેલા જીવને કેવાં ભયંકર દુઃખોમાં રહેવું પડે ?તેની જગ્યાએ માત્ર

નવકારમંત્રના પ્રભાવે પ્રકૃષ્ટ - કલ્પનાતીત સુખો અને અનુકૂળતાઓ મળી ગઈ !

યોગ્ય સમયે રાણીની કુક્ષિએ પુત્ર જન્મ થવાથી કલાવતીને ખ્યાલ આવી ગયો કે આ ચંડપિંગલનો જ જીવ હોવો જોઈએ. તેના પ્રત્યેના રાગ-મોહના કારણે આ કલાવતી રોજ રાજપુત્રને રમાડવા માટે રાજમહેલમાં જાય છે. રાજાએ સ્વજનો-જ્ઞાતિજનો વગેરેને ભેગા કરી એ પુત્રનું 'પુરંદર' એવું નામ રાખ્યું. કલાવતીનો પણ નિત્યક્રમ થઈ ગયો. રાજમહેલમાં રોજ જાય, રમાડે... વહાલ કરે... ક્યારેક રાજકુમાર રડે, ત્યારે કલાવતી તેને કહેતી : ચંડપિંગલ રડીશ નહીં. ચંડપિંગલ શબ્દ અને કલાવતીના પરિચિત અવાજથી પુરંદરને જાતિ સ્મરણજ્ઞાન થયું. તેમાં તેને પોતાનો ચંડપિંગલ તરીકેનો જન્મ અને કલાવતીનો સંબંધ દેખાયો. પૂર્વ જન્મની તમામ ઘટનાઓનું સ્મરણ થઈ આવ્યું. કલાવીતએ અંત સમયે શીખવેલા નવકાર અને નિયાણાના પ્રભાવે થયેલા પોતાનાં પરિવર્તનનો ખ્યાલ આવ્યો. એ નવકાર યાદ આવ્યો. તેના ઉપર અનહદ અનન્ય શ્રદ્ધા ઉત્પન્ન થઈ !

નવકારને તેણે હૈયાનો હાર માન્યો. ફાંસીએ ચઢતાં નવકાર તો ગણ્યા હતા પણ ત્યારે આ નવકાર એ જ હોવા છતાં તેના પ્રભાવ વગેરેનું જ્ઞાન ન હતું... તેના અર્થ - પરમાર્થની ખબર ન હતી. હવે તો એ નવકારનો પરિચય જ નહીં, અનુભવ થઈ જવાના યોગે, તેના ઉપર વિશિષ્ટ શ્રદ્ધા અને બહુમાનનો ભાવ જાગ્રત થઈ ગયો.

પુરંદર રાજકુમાર માટે આ નવકાર હવે જીવનમંત્ર બની ગયો ! દિવસ-રાત તેના દિલમાં નવકાર રમતો હોય છે. શ્વાસમાં અને લોહીના ધબકારમાંય નવકારનું રટણ ચાલું હોય છે. જે ગામ-નગરમાં ચોર તરીકે કલંકિત થયો હતો. બધાના અપમાનનો ભોગ બન્યો હતો. તે નગરમાં (વસંતપુરમાં) ડગલે ને પગલે સન્માન મેળવતો થઈ ગયો. કલંકિતની જગ્યાએ નામાંકિત બની ગયો ! શૂળીને બદલે સિંહાસન પર આરૂઢ થવા લાગ્યો. (પિતા રાજ્ય સિંહાસન ઉપર બેસે, તેમના ખોળામાં આ રાજપુત્ર બેસતો) લોકો દ્વારા તિરસ્કાર કરાતો તે જ લોકોનાં દિલમાં બિરાજમાન થઈ ગયો. હા, આ તમામ પ્રસંગોમાં નવકારનો પ્રભાવ જ કામ કરી રહ્યો છે.

સમયનાં વહેણ અવિરત વહેતાં જ હોય છે. કાળકૃત્ પરિવર્તનો ક્યાં નથી આવતાં ? જીવ હોય કે જડ... કાળ પોતાનો પ્રભાવ નિયમિત જારી રાખે છે તેનો સિલસિલો અખંડ છે. સંસારમાં થતાં તમામ પરિવર્તનોમાં કાળનો પણ સિંહફાળો છે, એમ સ્વીકારવું જ પડશે. કાળના પ્રવાહમાં ભલ-ભલાં તણાયા - ભૂલાયા - ભૂંસાયા... કેટલાય નવા જન્મ્યા.. આવ્યા.. આ જ ક્રમ પ્રમાણે રાજા જિતશત્રુનું મૃત્યુ થયું. એટલે કે જિતશત્રુ રાજાનો માનવજન્મ-રાજાપણું - તેની સત્તા વગેરે નષ્ટ થયું. ક્યારેક જીવતાં તો ક્યારેક મૃત્યું બાદ ધન-માલ-મંદિર (મહેલ) આદિ છિનવાઈ જાય છે. સંયોગનો વિયોગ આવતો જ હોય છે. સંયોગના આનંદની



પાછળ વિયોગનો આક્રંદ પણ સંભળાય જ છે. કારણ, જન્મની પાછળ મૃત્યુ અવશ્ય આવે જ છે.

જિતશત્રુના મૃત્યુબાદ રાજપુત્ર પુરંદરને રાજા બનાવવામાં આવ્યો. તેનો રાજ્યાભિષેક થયો. તેના કપાળમાં રાજતિલક કરવામાં આવ્યું. હવે તે પોતે જ રાજ્યસિંહાસન પર નશીન થયો. રાજા બન્યા પછી પણ તે પુરંદર નથી નવકારને ભૂલ્યો. નથી નવકારમંત્ર પ્રદાન કરનાર કલાવતીનો ઉપકાર ભૂલ્યો. નિત્ય-નિયમિત શુભભાવ પૂર્વક નવકાર મહામંત્રનું સ્મરણ કરે છે. અલબત્ત, એક નમસ્કાર મહામંત્રના પ્રભાવે તેના જીવનમાં સદ્ગુણોની સુવાસ પથરાવા લાગી. જૈનધર્મના ઘણા આચારો-વિચારોને જીવનમાં સ્થાન મળી ગયું હતું. તેના પ્રભાવે અખંડ રાજ્ય વર્ષો સુધી ભોગવ્યું. પરિવાર અને આજુ-બાજુના લોકો પણ અનુકૂળ બનીને રહ્યા. જેને શાસ્ત્રમાં 'પ્રશસ્ત અભિરતિ' કહી છે.

નવકાર મંત્રથી સાપ-વીંછીનાં જ નહીં, પાપનાં ય ઝેર ઊતરી જાય છે ! મંત્રાધિરાજના પ્રભાવે બહારના જ દુશ્મનો નહીં, ભીતરના કામ-ક્રોધાદિ શત્રુઓય ગભરાઈ જાય છે, નિષ્પ્રભાવ બની જાય છે. મહામંત્ર શરીરના જ રોગોનો નહીં, આત્માના ભાવ રોગ રૂપે રહેલો કર્મરોગનોય રામબાણ ઈલાજ છે. મનમાં ઊઠતા સંક્લેશોનેય ખતમ કરવાનું સામર્થ્ય આ નવકારમંત્ર ધરાવે છે !

ઘણાં વર્ષો સુધી ન્યાયપૂર્વક રાજ્ય શાસન ચલાવી અંત સમયે સર્વ જીવોને ખમાવી, નવકારમહામંત્રના સ્મરણ પૂર્વક સમાધિ મૃત્યુને વરેલો પુરંદર રાજા ઉત્તમ ગતિને પામ્યો. 'નવકાર જેના હાથમાં, સદ્ગતિ તેની સાથમાં.' વાસનાને ઉપાસનામાં તબદિલ કરવાનું સામર્થ્ય છે આ નવકારમંત્રમાં ! નવકારના પ્રભાવે થાય છે, દુર્ગતિનું વિસર્જન અને સદ્ગતિનું સર્જન ! આવો, આપણે પણ આ મહામંત્રના ઉપાસક બની સદ્ગતિ અને મુક્તિને સર કરી લઈએ. ધ

## ★ આ અંકની લઘુકથા ★★★

-શ્રીકથા મિત્ર

**દેવપાળ અને વસુપાળ :**

ધન-ધાન્યથી સમૃદ્ધ કૌશાંબી નગરી - સમુદ્રમાં જેના છેડા મળે તેવી આ પૃથ્વીના માલિક તરીકે તે નગરીમાં જિતારી રાજા રાજ્ય કરે છે. નામ જેવા જ ગુણોને ધારણ કરનાર આ રાજા દુશ્મનો પર જીત મેળવનારો જ હતો ! રાજ્યની, રાજધાનીની શોભા ધનવાનો અને ગુણવાનોથી ગણાય છે. પ્રજાવત્સલ અને ધર્મ-પ્રેમી રાજા હોય ત્યાં પ્રજા સમૃદ્ધ અને નિષ્ઠાવાન કેમ ન હોય ? રાજા માત્ર સત્તાપ્રિય નહોતો... ન્યાય પ્રિય પણ હતો. પ્રજાનાં સુખ-દુઃખની ચિંતા કરનારો હતો.

આ નગરમાં ઘણા લક્ષ્મીપતિઓ વસતા હતા, જે ગામની પ્રતિષ્ઠામાં વધારો કરતા હતા. ગામની શોભા પણ હતા. એમાંય અઢળક લક્ષ્મી યુક્ત અને સુવર્ણ

પટ્ટટથી અલંકૃત ધન અને યક્ષ નામના શ્રેષ્ઠીઓ વસતા હતા. બંને શેઠિયા ધનવાનની જેમ પુત્રવાન પણ હતા. એકને દેવપાળ પુત્ર હતો તો બીજાને વસુપાળ નામનો પુત્ર હતો. સંતતિ વિનાની સંપત્તિ માનવને અકળાવનારી અથવા ઉદ્વેગ કરાવનારી થાય છે. સંપત્તિ હોય પણ સંપત્તિનો ભોગવનાર વારસદાર ન હોય તો ? બેશુમાર સંપત્તિ વચ્ચે પણ એની પ્રસન્નતા હણાયેલી જોવા મળે છે. બધું જ હોય... પરંતુ પ્રસન્નતા જ ન હોય તો જિંદગી દોઝખ જ લાગેને ? સામે પક્ષે કશું જ ન હોય પણ પ્રસન્નતા ચહેરા પર ચમકતી હોય તો સ્વર્ગસમાન લાગે !

દેવપાળ અને વસુપાળ બંને અલગ-અલગ પરિવારમાં ઉત્પન્ન થયા હોવા છતાં બંનેની વિચારસરણી - પસંદગી એક સરખી હતી. ખાવું - પીવું, બેસવું - ઊઠવું, હરવું, ફરવું, સૂવું - જાગવું... વગેરે સાથે જ અને સમાન હોવાથી તે બંનેને લોકો 'એકચિત્ત' તરીકે સંબોધવા લાગ્યા. સગા-ભાઈઓમાં જોવા ન મળે એવી એક વાક્યતા આ બંને મિત્રો વચ્ચે જોવા મળતી.

એવામાં એ નગરીના ઉદ્યાનમાં શ્રમણ ભગવાન મહાવીર પ્રભુની પધરામણી થઈ. નગરમાં વાયુવેગે સમાચાર પહોંચી ગયા. રાજા-પ્રજાજનો પ્રભુને વંદનાર્થે અને દેશના સાંભળવા ગયા. તે જ રીતે દેવપાળ-વસુપાળ પણ સમવસરણમાં પહોંચ્યા, ભગવાનની ભવનિસ્તારિણી - જગતની વાસ્તવિકતાને ઉજાગર કરતી, મોહ રાજા સામે લડાઈ કરવાનું બળ પૂરું પાડતી, અજ્ઞાનરૂપ અંધકારને મારી હટાવતી, રત્નત્રયીની સાધનાના શુભ મનોરથોને જગાડતી... ધર્મ દેશનાનું સૌએ પાન કર્યું. આ દેશનાના પરિણામે દેવપાળ તો ખુશખુશાલ થઇ ગયો. રોમાંચિત બની ગયો. વસુપાળને કરુણાસભર દેશના પણ રુચિકર ન બની. ભૌતિક જગતમાં સરખા મનોભાવોવાળા આ બંને મિત્ર અધ્યાત્મ જગતમાં ભિન્નરુચિવાળા બની ગયા. તેના યોગે બે જણ વચ્ચે ક્યાંક ક્યાંક અંતર જણાવા લાગ્યું.

જ્યાં સુધી મોહનું - અજ્ઞાનતાનું સામ્રાજ્ય જીવો પર પ્રવર્તતું હોય ત્યાં સુધી ગમે ત્યારે નાની-મોટી ભેદરેખા પરસ્પર જોવા મળવાની. ભૌતિક પ્રેમ જીવને અધ્યાત્મથી દૂર રાખે છે. તો અધ્યાત્મનો પ્રેમ ભૌતિકતાને નીરસ બનાવતો જાય છે. દેવપાળને ધર્મ-દેશનાનું નિમિત્ત મળતાં મોહ મંદ પડ્યો. ધર્મ તરફ જીવ ઢળ્યો. વસુપાળને ધર્મમાં રસ જ પડવાથી તે ભૌતિક - આનંદ લૂંટવાના જ વિચારોમાં રહ્યો. એક જ જીવનમાં પોતાના ગણાતાં મન-વચન-કાયા જ્યાં એક પાટેનથી ચાલતાં ત્યાં અલગ અલગ જીવો હંમેશા એક પાટા પર ક્યાંથી ચાલી શકે ? આચારાંગ સૂત્રમાં ત્યારે જ તો વાસ્તવિકતાનાં દર્શન કરાવતું સૂત્ર મૂકવામાં આવ્યું : 'પુઢો જીવા, પુઢો કમ્મા' અર્થાત્ દરેક જીવો જેમ જુદા છે, તેમ સૌનાં કર્મો પણ ભિન્ન છે.

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે અમૃતવેલની સજ્ઝાયમાં આ જ વાતની પુષ્ટિ કરતાં જણાવ્યું છે. 'કર્મથી કલ્પના ઊપજે, પવનથી જિમ જલધિવેલ



રે....' કર્મના આધારે કલ્પનાઓ ઊઠે છે, વિચારો સર્જાય છે. વિચારોના આધારે લગભગ પ્રવૃત્તિ થતી હોય છે. આનું અર્થઘટન એ થાય છે કે - તમારી પ્રવૃત્તિની પાછળ તમારા વિચારો જવાબદાર છે. વિચારોના મૂળમાં તમારાં કર્મો જવાબદાર છે. કર્મબંધમાં બાહ્ય - અભ્યંતર નિમિત્તો કારણો જવાબદાર હોય છે. તેથી જ સારાં - નરસાં નિમિત્તોને ઓળખી પ્રવૃત્તિ-નિવૃત્તિ કરવાની વાત શાસ્ત્રકાર ભગવંતો કરે છે. નબળાં - હલકાં - અશુભ નિમિત્તો નિષ્ફળ બનાવવાનો પુરુષાર્થ જ્ઞાનીનાં વચનો કે શાસ્ત્રનાં વચનોને આધારે કરવાનો છે.

બંને મિત્રો વચ્ચે વર્ષોથી ચાલતા એક વિચારમાં ભેદ થવાનું કારણ જાણવાની જિજ્ઞાસા તેમનાં જ મનમાં ઊઠી !

યોગાનુયોગ એ જ અરસામાં કેવળી ભગવંતનું આગમન થયું. બંને જણા પહોંચ્યા : કેવલી ભગવંતનાં ચરણ-કમળમાં. વંદનાદિ વિધિ કર્યા બાદ પોતાના મનમાં ઊઠેલા પ્રશ્ને કેવલી ભગવંત પાસે પ્રસ્તાવ માંડ્યો. કાશ, કેવલી ભગવંત ત્રણે લોકના તમામ ભાવોને તેઓ એક સાથે જોઈ-જાણી શકે છે !! સર્વાર્થસિદ્ધ જેવા સાત રાજલોક દૂર રહેલા દેવોનેય અહીં રહ્યા જો સમાધાન આપી શકતા હોય તો આવા જ્ઞાનીને સામે રહેલી વ્યક્તિને જવાબ આપવામાં ક્યાં વિલંબ થાય ?

પ્રશ્નનું સમાધાન આપતાં જ્ઞાની ગુરુભગવંતે કહ્યું કે - તમે ભૂતકાળમાં એક ગામમાં ભંગીના પુત્રો તરીકે હતા. મોટા થયા. યૌવનાવસ્થા પામ્યા. બંનેએ લક્ષ્મી ઉપાર્જન માટે પુરુષાર્થ કર્યો. બુદ્ધિને કામે લગાડી. પુણ્યનો સાથ મળતાં સારું ધન કમાયા. માનવને પોતાની ઈચ્છા - ભાવના અને પુરુષાર્થ પ્રમાણે ફળ મળતાં ખુશી થાય છે. પુણ્ય પૂરું થતાં ને પાપોદય જાગતાં તે જ બે ભાઈઓ નિર્ધન થઈ ગયા ! માણસને ચઢવાનો આનંદ જેટલો હોય છે તેના કરતાં પતનની પીડા વિશેષ હોય છે. બંને ભાઈઓ પીડા સાથે ચિંતાના મહાસાગરમાં પડ્યા ! ધનની હાજરી જેમ માન-સન્માન આપે છે, તેમ દરિદ્રતા અપમાનિત કરે છે. ડગલે ને પગલે અપમાન વેઠતાં બંને જણ કંટાળી ગયા.

ગમે તેમ કરીનેય હવે ધન મેળવ્યા વિના નહીં જ ચાલે... યેનકેન પ્રકારેણ લક્ષ્મી કમાવવાની વૃત્તિ સળવળવા લાગી ! જ્યારે આવી વૃત્તિઓ ઘેલછાનું સ્વરૂપ ધારણ કરે છે ત્યારે તે અશુભવૃત્તિને પૂરી કરવા અધમ રસ્તા અપનાવવાય જીવ તૈયાર થઈ જાય છે. ત્યારબાદ મનમાં પાપનાં સાપોલિયાં પોતાનો કબજો જમાવે છે. લેશ્યાના રંગ બદલાય છે. કાળા-લીલા રંગની (કૃષ્ણનીલ) લેશ્યાઓ સાથે આસુરી ભાવના પોતાનો પગદંડો જમાવે છે. આ દુષ્ટભાવનાઓ હિંસા - જૂઠ - ચોરી વગેરે પાપોને ગણકારતી નથી. પુણ્ય-પાપનું ગણિત તો તેને સ્વપ્નમાંથીય વિસરાઈ જાય છે !

આ બંને ભાઈઓ ચોરીના રવાડે ચડ્યા. લોકોની ગાયો-ભેંસો કે માલિક - બિન માલિકનાં હરણ વગેરે પ્રાણીઓ ઊઠાવીને લઈ જવા લાગ્યા. પાપના માર્ગે ચાલનારને ન તો પાપનો ભય હોય છે ન તો આબરૂનો ! ગમે તેમ કરીને ધન

કમાવાનો - ભેગું કરવાનો અને ધનવાન બનવાનો વિચાર જ તેમના મનમાં રાત-દિવસ ઘુમરાતો હતો. ક્યાંક સફળતા મળી કે નવાં-નવાં ચોરીનાં આયોજનો ગોઠવવામાં જ બુદ્ધિને કામે લગાડી દેતા. પાપાનુબંધી નામના દૂષિત પુણ્યનો સાથ મળે તો અધમ ગણાતાં કામોમાંય જીવને સફળતા મળી જતી હોય છે. આ સફળતાનું પરિણામ ઘોર યાતનામય હોય છે. ટૂંક સમય માટે મળેલો એ સફળતાનો આનંદ; કૈં કેટલાય જન્મો સુધી પીડા આપનારો બનતો હોય છે ! પાપ કરતાં ક્ષણોનો સમય થાય છે, ભોગવતાં તો કેટલાંય વર્ષો કે જન્મો ઓછાં પડે છે ! કદમ-કદમ પર કદર્થના થાય એ જુદી.

એક દિવસ પશુઓ ચોરવામાં સફળતા તો મળી પરંતુ દંડપાશિકો તેમની પાછળ પડ્યા, પકડવા માટેસ્તો ! ચોર આવા લોકોથી બચવાના ઉપાયો શોધે અને દંડપાશિકો ચોરને પકડીને સજા કરાવવાના પોતાના કાર્યમાં સફળ થવા મહેનત કરતા હોય છે. તે માટે જ તો ગામના લોકોએ તથા રાજા વગેરેએ તેમની નિમણુંક કરી હોય છે. મતલબ, આવા કોટવાલો - દંડપાશિકોની આ જવાબદારી ગણાય છે. એ જો પોતાની જવાબદારી વહન ન કરે તો તેમને જ દંડ ભોગવવાનો અવસર આવે છે.

કોટવાલો પાછળ પડવાના કારણે તે બંને ભાઈઓ (ચોરો) ભેંસો, ગાયો વગેરેને છોડી દઈ, પકડાઈ જવાના ડરથી ભાગવા લાગ્યા, ભાગતાં ભાગતાં પર્વત પાસે પહોંચ્યા. પર્વતની ગુફા નજરમાં આવી. બચવા માટે એ ગુફાનો આશ્રય કરવા જતાં પુણ્યના ઉદયથી તે ગુફામાં એક ધર્મપાલક મુનિને કાયોત્સર્ગ ધ્યાને રહેલા જોયા. નજીક જઈ એ મુનિવરને બંને જણે વંદન કર્યા. મુનિવંદનથી એક જીવ પોતાના જીવિતને ધન્ય માનવા લાગ્યો. દુર્લભ ગણાય તેવા મુનિવરનાં દર્શન વંદનથી પોતે કૃતકૃત્ય થયાનો આનંદ માણ્યો ! પાપી એવા મને પુણ્યકર્મના ઉપાર્જનની ઉત્તમ તક સાંપડી-દુર્ગતિ તરફ ધકેલાતા મારા આત્માને સદ્‌ગતિ તરફ વાળનાર જૈન મુનિનું શરણ મળ્યું ! નિષ્કારણ બંધુ , ભાવ કરુણાના ભંડાર, જ્ઞાની-ધ્યાની , શાંત-નિર્ભય મહાત્માનાં દર્શનથી તેનો મન-મયૂર નાચવા માંડ્યો! ગુરુભગવંતના નિર્મળ ચારિત્રાદિ ગુણોની ખૂબ અનુમોદના કરવા લાગ્યો.

ધર્મ કરવાથી તો નિશ્ચિત લાભ થાય જ... પરંતુ આવા ધર્માત્માના ધર્મની સાચાહૃદયથી અનુમોદના કરવામાં આવે તોય ઘણો લાભ થાય. આ લાભની શ્રેણિમાં એક જીવે પેટભરીને અનુમોદના કરી હોવાથી બોધિબીજની પ્રાપ્તિ થઈ. એટલે કે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટેનું બીજ વાવી દીધું ! આવું બીજ વાવનારો ભાગ્યશાળી જીવ આગામી જન્મમાં સમ્યક્ત્વનો અવશ્ય લાભ પામે છે.

બીજા જીવે (બીજા ભાઈએ) માત્ર મૌન ધારણ કર્યું. ન નિંદા કરી કે ન તો પ્રશંસા કરી. તેના યોગે એ જીવને કાંઈ વિશેષ લાભ ન થયો. બોધિબીજનું વાવેતર ન કરી શકાયું.



સમ્યગ્દર્શન તો ધર્મ-મહેલનો પાયો છે. મોક્ષનું પ્રથમ સોપાન છે. ધર્મ વેષને અને ધર્મની ક્રિયાઓને સફળ બનાવનાર છે. આત્માને દુર્ગતિમાંથી ઉઠાવી સદ્‌ગતિમાં સ્થાપનાર છે. અનાદિ કાળથી સંસારમાં ભટકતા જીવને અલ્પકાળમાં મોક્ષગામી બનાવનાર છે. એનું મૂલ્ય દુનિયાના સૌથી ચઢિયાતા રત્નથી પણ અંકાય તેમ નથી. અધ્યાત્મના ક્ષેત્રે શ્રીમંત બનાવનાર છે.

કેવલી ભગવંતના મુખેથી પોતાની ભૂતકાળની (પૂર્વજન્મની) વાતો સાંભળતાં દેવપાળને જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થાય છે. સમ્યગ્દર્શનને પામી તેના પ્રભાવે સદ્‌ગતિગામી બન્યો !

વસુપાળ સમ્યગ્દર્શન (બોધિ)નું બીજ ન વાવવાના કારણે એ બિચારો દુર્ગતિમાં ચાલ્યો ગયો.

ધર્મના પ્રભાવની, જ્ઞાનાદિ રત્નત્રયીની સાધનાની તથા તત્ત્વત્રયીની ઉપાસનાની કિંમત તો ઘણા સમજે - જાણે છે પરંતુ ધર્માત્માના ધર્મની પ્રશંસા-અનુમોદના જેવો વગર પરિશ્રમ નો અને મોટા-તપ-ત્યાગ વગરનો ધર્મ પણ કેવો મહાન ફળને આપનારો થાય છે, તે આ કથા પરથી સમજાય છે.

બીજાના સારા ગુણો જોઈ ઈર્ષ્યાદિ ન કરતાં પ્રશંસા કરશો. તેમાં કંજૂસાઈ ક્યારેય ન કરશો. નાની ક્રિયા દ્વારા થતા મોટા લાભથી વંચિત ન રહેશો. આવાં કાર્યોમાં માત્ર મનોયોગ અને એના થોડા અંશે વચનયોગને જોડવાનો હોય છે. એના દ્વારા મોટી કમાણી થશે. એ વાત ભૂલવા જેવી નથી.

દેવપાળની જેમ સહુ જીવો આવી મળેલી તકને ઝડપી લે, સફળ બનાવી દે અને સમ્યગ્દર્શનના બીજને વાવી, સમ્યક્ત્વ સહિત આગળ-આગળનાં દેશવિરતિ-સર્વ વિરતિ વગેરે સોપાનો ચઢતાં-ચઢતાં શાશ્વતપદની પ્રાપ્તિ કરનારા બને, એ જ મંગળ કામના.

## ★ માનવ નિર્દય બનતો જાય છે... ★★★

**- સંકલનમિત્ર**

(માનવો પોતાના ક્ષણજીવી સુખ માટે કેવાં કેવાં અધમ પાપો કરે છે ? માનવજાત પોતાના શોખ ખાતર કેવા જીવોની કતલ કરે છે ? ક્રૂરતાની હદ વટાવાતી જાય છે. નિર્દયતા વધતી જાય છે. દયાળુ કહેવાતા દિલોમાં પત્થર જેવી કઠોરતા આવતી જાય છે. દયાના દેશમાંય વિધર્મીઓના વસવાટના કારણે ધીમે ધીમે આર્ય માનવોય નિર્દય બનવા લાગ્યા છે. કેટલાક મોજ- શોખ માટે તો કેટલાક જીવો અર્થની લાલસાથી હિંસા ને અત્યાચારના માર્ગે દોડી રહ્યા છે. કયાં ને ક્યારે અટકશે આવા નિષ્ઠુર હૈયાના માનવો ? આસુરી અને પાશવી ભાવનામાંથી આ માનવજાત ક્યારે પાછી ફરશે ? મ્લેચ્છોને પણ સારા કહેવડાવે એવા આ નિર્ઘૃણ માનવો પોતાના માતા પિતાને, કુળને, જ્ઞાતિને, .. આર્યદેશને લજવે એવાં પાપો

કરી રહ્યા છે. દિન- પ્રતિદિન આ કાર્યને વેગ મળતો જોવા મળી રહ્યો છે ! કોણ અટકાવશે ? આર્યદેશમાં નરી અનાર્યતા પાંગરવા માંડી હોય એવું લાગે છે. માનવજાત પોતાની ઈન્દ્રિયોને ક્ષણિક મજા આપવા માટે, મનને આનંદ પ્રદાન કરવા માટે કે નાશવંત પૈસા કમાવવા માટે કેવા કેવા અધમ માર્ગો અખત્યાર કરવા દ્વારા નિર્દોષ જીવોનો ભોગ લઈ રહી છે ? 'પાપનાં કડવાં ફળો મારે જ ભોગવવાનાં છે,' આ વાતને ભૂલી જઈ કરુણાસભર ચિત્તવાળા દેવ-ગુરુના ઉપદેશને કોરાણે મૂકીને મનમાની કરી રહેલી આ પ્રજાને કોણ ઠેકાણે લાવશે ? એકાંત હિતકર-સુખકર-કલ્યાણકર, તારક દેવ- ગુરુ-ધર્મને ન ગણનારી આ પ્રજાનું ભાવિ કેવું અંધકારમય હોય ? પાપના માર્ગે જનારા જીવો ક્યાંથી સુખી બનવાના ?

કોઈનું ન સાંભળનારા લોકો માટે પહેલાં એમ કહેવાતું : 'હવે તો ભગવાન બચાવે...' પરંતુ હવે તો ભગવાનને જ ઘોળીને પી જનારા, ભગવાન પર શ્રદ્ધા વિહોણા આ જીવોને કોણ બચાવશે ?

પોતાના સુખની આડે ક્યારેય નહીં આવનારા, જંગલમાં જ મોટે ભાગે રહેનારા જીવોને હિંસા કરવા માનવ ગામ-શહેર છોડી જંગલમાંય પહોંચી જાય છે. ત્યાંય કાળો કેર વર્તાવે છે ! ત્યાંની હિંસાની પ્રવૃત્તિનું માત્ર વર્ણન સાંભળતાંય રૂંવાટાં ખડાં થઈ જાય... (હૃદય કંપી ઊઠે... શ્વાસ થંભી જાય... એવી- એવી પદ્ધતિઓ આ નિર્દય- નિષ્ઠુર દિલના માનવો અપનાવી રહ્યા છે.

અહીં આમાંના સાપોની હત્યાની વાત વર્ણવતી કહાની રજૂ થઈ છે.

ગુજરાત સમાચાર તા.૧૯-૧-૨૦૨૪ ના અંકમાં લેખકે પોતાનું નામ લખ્યા વગર લેખ પ્રગટ કર્યો છે. તેને જ યથાવત્ અહીં લીધો છે. આવી હિંસાના માધ્યમથી મેળવેલું સૌંદર્ય હિંસા કરનારને અને આવાં સાધનો વાપરનારને કઈ ગતિ-યોનિમાં કેવાં દુઃખો પ્રદાન કરશે, તે જાણવા માટે તો ધર્મશાસ્ત્રોનો સહારો લેવો પડશે.

પાપ કર્મો હસતાં- હસતાં પણ બંધાય છે. પરંતુ યાદ રાખજો ,એના ઉદયકાળમાં એ રડાવ્યા વગર રહેતાં નથી. રડવાની વેળા ન આવે તે માટે સવેળા સાવધાની અપનાવીને હિંસાને જ્યાં સુધી ન રોકી શકીએ ત્યાં સુધી આવી હિંસાથી બનેલાં સાધનો વાપરવાનો તો ત્યાગ જરૂર કરીએ... - સંપાદક

## સાપના શરીર ઉપરનો ચીકાશવાળો પદાર્થ કોસ્મેટિકમાં ફેશિયલ તરીકે વપરાય છે - સૌંદર્ય પ્રાપ્તિ માટે સાપનું નિકંદન

માનવ જાત કે કેટલી વિચિત્ર છે. 'સાપ'ને સ્પર્શ કરવાનું તમે કોઈને કહેશો તો તે ભડકીને ના પાડશે. સાપનું શરીર લાંબુ, ભેજવાળું અનેપ ાતળી ચામડીવાળું હોય છે. તે ચામડી ઉતારીને નવી ચામડી ધારણ કરવાનું તેનું કામ અદ્ભુત હોય છે. જૂની ચામડીને આપણે કાંચળી કહીએ છીએ. દરેક ધર્મમાં સાપની કાંચળીનો ઉલ્લેખ છે. તેમ છતાં સાપનો ડર છે. બાળકોમાં ડર નથી એટલે તે સાપને પોતાની



પીઠ પર નાખીને ઘેર લઈ જાય છે. જો કે માયાના ભાગે નાના શિંગડા જેવા ભાગ વાળા સાપને પકડી શકાતોનથી. દરિયાઈ સાપ, નદી-તળાવના સાપ અને ગોકળગાય જેવા નાના સાપ પણ જોવા મળે છે. સાપ સાંભળી શકતા નથી, પરંતુ તેના માથાના ભાગે આવેલા પાતળા વાળ પરની આંખો પરથી તે જોઈ શકે છે. રાત્રે તે વધુ સારી રીતે જોઈ શકે છે, દરેક સાપ દ્વિ-ઉભયલિંગતા એટલે કે મેલ-ફીમેલ એમ બંનેમાં રૂપાંતરિત થઈ શકે છે. દરેક સાપમાં બંને સેક્સના રિ-પ્રોડક્ટિવ અંગો હોય છે. બંને જાતિ એક જ સાપમાં હોવાથી તે ઈંડા પણ મુકી શકે છે અને સ્પર્મ પણ કાઢી શકે છે. તે કલાકમાં એક કિલોમીટરનું અંર કાપી શકે છે. સુકા હવામાનમાં પોતાનું શરીર સૂકાઈ ના જાય એટલે તે શરીર પર એક ખાસ આવરણ લગાવી દેછે. સખત ઠંડી દરમિયાન તે ગ્રાઉન્ડ પરના કોઈ દરમાં ઘૂસી જાય છે. ૮ વર્ષમાં કેટલીકવાર ૮૦ જેટલા ઈંડા મુકેછે. ઈંડા તે ક્યાં તો દરમાં મુકે છે કે કદાવ-કીચડ કે ઉકરડામાં મુકે છે.

સાપ કોવાયેલા અને છોડાવ પરના પાંદડા ખાય ચે. તળાવોમાંથી લીલ ખઈને પાણીને રિસાઈકલ કરે છે. ચામાચીડિયા, નોળિયો, ગરોળી, દેડકાં, કાચબા અને પક્ષીઓનો તે ખોરાક બની જાય છે. કેટલાક પક્ષીઓનું જીવન સાપ પર આધારિત હોય છે. પક્ષીઓને જે વધારાનું કેલ્શિયમ જોઈએ છે તે સાપમાંથી મળી રહે છે. ઈંડા મુકવાની સિઝન દરમિયાન ફિમેલ પક્ષી સામાન્ય દિવસો કરતાં ૪૦ ટકા વધુ સાપ ખાય છે. જો સાપ ના હોય તો પક્ષીઓની વધુ જાતો જોવા ના મળે !!

માણસો સાપને નીચેની રીતે જુવે છે.

આ સુંવાળા પ્રાણીને મારવા જંતુનાશક દવા અને મીઠાનો ઉપયોગ થાય છે.

ફ્રાંસમાં સાપ એ એક સારી વાનગી છે.

જે લોકો સાપ ખાવાનો શોખ ધરાવતા હોય તેમણે વિચારવું જોઈએ કે તે પોતાના પેટથી આગળ ચાલવા શરીરના પાછળના ભાગમાં આવેલી ગાંઠોનો ઉપયોગ કરે છે. સરકતીવખતે તેની ચામડી તે એટલી સખત બનાવી દે છે કે ટાંકણી કે કોઈ અણીદાર પદાર્થ નીચે હોય તો પણ તેના શરીરને કોઈ ઈજા થતી નથી. ઘણીવાર તે પથ્થરો પરથી પસાર થાય ત્યારે નીચે ચીકણોપદાર્થ છોડતા જાય છે. તેના શરીર પરની ચિકાશનો તે વિવિધ ઉપયોગ કરે છે. પોતાના ઈંડા ફરતે પણ ચીકાશ વીંટાળીને તેમનું રક્ષણ કરે છે.

આ ચીકણો પદાર્થ દવા તેમજ કોસ્મેટિકના ઉપયોગમાં પણ લેવાય છે. ૨૦ વર્ષ પહેલાં ફ્રેન્ચ ફૂડ માર્કેટમાથી લાવેલા એક સાપના શરીર પરની ચિકાશને ઈજાગ્રસ્ત ચામડી પર લગાવતાં તરત અસર થઈ હતી. સાપની ચિકાશ આધારિત પ્રોડક્ટ ચિલીમાં ઈલીસીના નામે ઓળખાય છે. ૨૦૧૦ માં મિસાહે નામનું ક્રિમ બહાર પડાયું હતું. તેમાં એકલા સેલ રિન્યુ સેલ ક્રિમ હોય છે. તે ફેસ ફિક્સર તરીકે

વપરાય છે. જેના કારણે ચહેરા પર ખીલ અને કરચલીનો મટી શકે છે.

ઇટાલીમાં આવા ચિકાશવાળા શરીરના મસલ્સ મોટાપાયે વપરાય છે. ૧૯૮૮માં યુ.કે. ખાતેના નેચરલ હિસ્ટ્રી મ્યુઝિયમમાં સાપના શરીર પરના ચીકાશવાળા પદાર્થ પર પ્રયોગો કરાયા હતા. કહે છેકે સાપની ચામડી પરથી ચિકાશમાં એન્ટિ બેક્ટેરિયાના ગુણ રહેલા છે. ચિકાશ બે પ્રકારની હોય છે. એક છે મ્યુકર અને બીજો છે. પેડલ મ્યુકસ. આ મ્યુકસ એકદમ પાતળા હોય છે અને તેમાં ૯૬-૯૭% જેટલું પાણી હોય છે. તે પદાર્થ ગુંદર જેવો ચીકણો હોય છે. અને આખા શરીરમાંથી તે ઉત્પન્ન થાય છે. આ મ્યુકસમાં પ્રોટિઓગ્લાયકન્લ ગ્લાયકોસેમીનો ગ્લાયકન્સ, ગ્લાયકોપ્રોટિન એન્ઝાઈમ, હાલ્યુરોનિક સીડ, કોપર પેપ્ટાઈડસ એન્ટી માઈક્રોબીયલ પેપ્ટાટસ અને મેટલ સાયન્સ હોય છે. તેમાં ચોટે એવા પદાર્થમાં ઝીંક, આયર્ન, કોપર અને મેગેનિઝ જેવા તત્ત્વો પણ હોય છે. તેમાં ઘા રૂઝાવવાની ક્ષમતા પણ હોય છે.

સંશોધન પરથી એમ પણ જણાયું છે કે મ્યુકસમાં ગ્રામ પોઝિટીવ અને ગ્રામ નેગેટિવ બેક્ટેરિયા એમ બંને એન્ટિ બેક્ટેરિયલ ગુણધર્મ ધરાવે છે. એન્ટિ બેક્ટેરિયલ પેપ્ટાઈડસ એ માત્ર કુદરતી એન્ટિ બાયોટિકસ તરીકે કામ નથી કરતા પણ ઘણા ભાગોની રોગ પ્રતિકારક શક્તિ વધારે છે જેમાં સોજા પામેલા સેલ વગેરેનો સમાવેશ થાય છે.નાના સાપની ચીકાશ પણ લોકલ એનેસ્થેટિક પ્રમાણે કામમાં આવે છે. દાંતના દુઃખાવામાં પણ તે કામમાં આવે છે.

વિજ્ઞાનીઓએ ગાર્ડનમાં મળી આવતા સાપના શરીર પરથી મળતા ચીકાશવાળા પદાર્થ પણ તુટી ગયેલા સેલ્સની રૂઝમાં ઉપયોગી બને છે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં સાપની મ્યુકસ (ચામડી ઉપરના ભાગ) સ્કીન કેર તરીકે વપરાય છે. ચામડીના રોગોમાં સુધાર લાવતી અનેક પોડક્ટ એવી છે કે જેમાં સાપની ચામડીની ઉપરની મ્યૂકસ વપરાય છે. આ મ્યૂકસને લેબોરેટરીમાં મોકલ્યા બાદ તેમાંથી એસએસએફ જનાવવામાં આવે છે કોસ્મેટિક્સની દવાઓમાં તે એક ઇન્ગ્રેડિયન્ટ તરીકે વપરાય છે. કોસ્મેટિક્સ ક્ષેત્રે ચામડીની દવામાં ૧૦ થી ૧૫ ટકા એસએસએફ હોય છે.

ઉત્તર ઇટાલીની એના સુરુટી કુદરતી કોસ્મેટિક્સની કંપની 'લા' નેર્યુરા સીઓનીનોઈ ચલાવે છે. તે કહે છે કે સ્નેક ક્રિમ (સાપનું ક્રિમ) સૌથી વધુ વેચાતી પ્રોડક્ટ છે. આફ્રિકામાંના સાપની ચામડીનો ઉપયોગ રશિયામાં થાય ચે. તે સાપનું ક્રિમ ચુટથી વાપરે છે. ફ્રાન્સની લૂઈસ મેરી ગુડીન નામની કંપનીએ સાપની ચામડી નો ઉપયોગ રશિયામાં થાય છે. તે સાપનું ક્રિમ છુટથી વાપરે છે. ફ્રાન્સની લૂઈસ મેરી ગુડીન નામની કંપનીએ સાપની ચામડી પરના લેયરનો કોમર્શિયલ સ્તરે ઉપયોગ શરૂ કર્યો છે અને દર વર્ષે ૧૫ ટનનું ઉત્પાદન કરવાનો ટાર્ગેટ રાખ્યો છે. કોસ્મેટિક બ્યુટિ પ્રોડક્સમાં આ કંપનીનું નામ ટોપ પર છે.



ટોકિયોના સ્પામાં જીવતા સાપથી ફેસિયલ થાય છે. જેમાં સાપ આખા ફેસ (મોઢા) પર ફરે છે જેથી તેની ચામડી પરની ચીકાશ ફેસ પર ચોંટે છે. સ્નેલ ફેસ ક્રિમ, સીરમ વગેરે જાપાન અનેસાઉથ કોરિયામાં ધુમ વેચાય છે. બાયોટિક્સ, મિસાહુસ, અલ્ટરનેટીવ સિક્રેટ, રિસી સ્કીન કેર અને પીછા જડેલી ટોડ કોમ અને સ્નેક જેલ વેચતી કંપનીઓ છે.

માછલીઓના શરીરનો ઉપરનો ભાગ બેબી પ્લેસમેન્ટ અને પક્ષીઓની અગારને સ્પા ફેસિયલમાં વાપરતી કોસ્મેટિક કંપની પણ હવે સાપની પ્રોડક્ટ વાપરવી શરૂ કરી દીધી છે. ગોકળગાય કે નાના સાપ વગેરેનો ઉપયોગ જોખમી છે કેમ કે તેમાનાં જોખમી બેક્ટેરિયા મેનેનજાઈટીસ પ્રકારના રોગની અસર કરી શકે છે. જે બ્રેનની ટીશ્યુને નુકશાન કરે છે. ધ

માણસ સુંદરતા મેળવવા કેવા નિર્દોષ પ્રાણીને રહેંસી નાખે છે !

## બીજા વિશ્વયુદ્ધ દરમિયાન વર્ષ ૧૯૩૭ ની તેરમી ડિસેમ્બરે જાપાની લશ્કરનું નાનકિંગ શહેર પર આક્રમણ

નાનકિંગમાં ગુજારાયેલા અત્યાચારોની ક્રૂરતા અને ગંભીરતાનો વાંચકોને ખ્યાલ આવે એટલે આઈરિશ ચાન્ગે બીજા વિશ્વયુદ્ધમાં યુરોપના કેટલાક દેશોમાં માર્યા ગેયલા નાગરિકોના કેટલાક તુલનાત્મક આંકડા પણ આપ્યા છે.

જાપાની સૈનિકોએ લગભગ ૪૨ થી ૪૫ દિવસના ટૂંકા સમયગાળા દરમિયાન ચીનના નાનકિંગ નામના શહેરના પુરુષો, સ્ત્રીઓ, બાળકો અને ચીની સૈનિકો મળીને અંદાજે ૨,૬૦,૦૦૦ લોકોને મોતને ઘાટ ઊતારી દીધા હતા અને લગભગ ૨૫૦૦૦ થી ૬૦,૦૦૦ જેટલી સ્ત્રીઓ, યુવતીઓ પર બળાત્કાર ગુજાર્યા હતા.

આટલો મોટો નરસંહાર અને હજારો સ્ત્રીઓ પર બળાત્કાર કેવળ ૪૨ દિવસના ટૂંકા સમયગાળામાં જ ગુજારાયા હતા.

નાનકિંગના આ આંકડા સામે હવે બીજા વિશ્વયુદ્ધના પાંચ-છ વર્ષ દરમિયાન યુરોપના કેટલાક દેશોમાં થયેલા નરસંહારના આંકડા જુઓ-ગ્રેટ બ્રિટનમાં ૬૧૦૦૦ નાગિરકો, ફ્રાન્સમાં ૧,૦૮,૦૦૦, બેલ્જીયમમાં ૧,૦૧,૦૦૦ અને નેધરલેન્ડમાં ૨,૪૨,૦૦૦ લોકો માર્યા ગયા હતા !

આથીય આગળ વધીને (છ અઠવાડિયામાં જાપાની સૈનિકોએ ૨.૬૦ લાખ ચીનાઓને મોતને ઘાટ ઊતારી દીધા) આઈરિશ ચાન્ગે નોંધ્યું છે કે અમેરિકાએ વર્ષ ૧૯૪૫ ના ઓગષ્ટ મહિનામાં જાપાનના હિરોશિમા અનમે નાગાસાકી શહેરો પર એટમબોમ્બ ઝીંક્યા તેમાં અનુક્રમે ૧,૪૦,૦૦૦ અને ૭૦,૦૦૦ નાગરિકોનો ભોગ લેવાયો હતો.

આની સામે નાનકિંગ શહેરમાં માત્ર છ થી સાત અઠવાડિયામાં જ લાખો લોકોનો જાપાની સૈનિકોએ ભોગ લઈ લીધો હતો.

The Rape of Nanking ની લેખિકા આઈરિશ ચાન્ગ લખે છે નાનકિંગના આ મહા નરસંહારને જો કે મારા માતા પિતાએ કોઈ નજરે નિહાળ્યો નહોતો કારણ તે વેળા એ બન્ને બાળ વયના હતા પણ તેમણે મારા દાદા-દાદી, નાના-નાની અને અન્ય સંબંધીઓ પાસેથી નાનકિંગના મહા અત્યાચારની હૃદય ધ્રુજાવી દેતી ઘણી વાતો સાંભળી હતી અને એમણે પછી એ બધી વાતો મને કરી હતી.

સાંભળેલી વાતો મુજબ જાપાની સૈનિકોએ **નાના બાળકોના તો એક બે નહીં ત્રણ-ત્રણ ટૂકડા કરીને રહેંસી નાંખ્યા હતા.** નાનકિંગ શહેરમાં મોટા પાયા પર જે માનવ હત્યાઓ થઈ તેના કારણે શહેર નજીક વહેતી **યાન્ગઝે નદીમાં દિવસો સુધી રક્તમિશ્રિત લાલ પાણી વહેતું રહ્યું હતું.**

ચીનનું હાલનું પાટનગર બેઈજિંગ છે પરંતુ બીજા વિશ્વયુદ્ધના સમયગાળા દરમિયાન નાનકિંગ નામનું શહેર ચીનનું પાટનગર હતું.

જાપાની સૈનિકોએ વર્ષ ૧૯૩૭ ની તેરમી ડિસેમ્બર નાનકિંગને ચોતરફથી ઘેરી લઈ તેના પર પોતાનો કબ્જો જમાવી દીધો હતો.

હવે મહત્વનો એક પ્રશ્ન એ છે કે જાપાની સૈનિકોએ નાનકિંગ શહેરના લાખ્ખો નાગરિકો અને ચીની સૈનિકોનો મોટા પાયે સંહાર કેમ કર્યો ?

પુસ્તકની લેખિકા આઈરિશ ચાન્ગે નેશનલ આર્કાઈવ્સ અને અન્ય ઐતિહાસિક દસ્તાવેજોનો ઊંડો અભ્યાસ કરીને જે નિષ્કર્ષ તારવ્યો એ અત્યંત ચોંકાવનારો છે.

નાનકિંગ પર ચઢાઈના પાંચ-છ દિવસ અગાઉ જાપાની લશ્કરના કમાન્ડર અચાનક જ બદલી નંખાયા હતા. જાપાનના લશ્કરે નાનકિંગ શહેરને ચોતરફથી ઘેરી લીધું. બરાબર એ જ ટાંકણે જાપાની લશ્કરના કમાન્ડર જનરલ માત્સુઈ માંદા પડી ગયા. તેમની ટી.બી.ની જૂની બીમારીએ ફરી ઊથલો માર્યો હતો. એ સમયે જ માત્સુઈ પાસેથી જનરલનો ચાર્જ પરત લઈને જાપાનના સમ્રાટ હિરોહિટોએ તેમના અન્કલ પ્રિન્સ અશાકા યાસુહિકોને આપી દીધો.

નાનકિંગ વિસ્તારમાં જાપાની લશ્કરની જેટલી બટાલિયન્સ હતી તે તમામ કમાન્ડ ઈન ચીફની જવાબદારી રાજઘરાનાના પ્રિન્સ અશાકાને સોપાતાં હવે નાનકિંગ મોરચાની તમામ સત્તા તેમના હાથમાં હતી.

આવા નાજુક સમયે જાપાની સમ્રાટે લશ્કરી જનરલના હોદ્દા પર અચાનક પ્રિન્સ અશાકાને કેમ બેસાડી દીધા ? એ વિશે ચોક્કસ વિગતો પ્રાપ્ત નથી. નાનકિંગમાં મોટા પાયે માનવસંહાર અને હજારો સ્ત્રીઓ પર બળાત્કારની કલંકિત ઘટનાઓ બની તેના કેવળ પાંચ-છ દિવસ અગાઉ જ લશ્કરના ઉચ્ચ અધિકારીઓ



વચ્ચે પડદા પાછળ એક મોટી ગેમ ખેલાઈ હતી.

રાજ ઘરાનાના પ્રિન્સ અશાકા કે જેમને જાપાનીઝ સમ્રાટે નાનકિંગ ખાતેના લશ્કરનો સંપૂર્ણ કમાન્ડ સોંપી દીધો, તેમના પર જનરલ માત્સુઈને સ્હેજ પણ વિશ્વાસ નહોતો. માત્સુઈને મનોમન એવી દહેશત હતી કે પ્રિન્સ અશાકા સત્તાનો દુરૂપયોગ કરશે અને તેમના હાથ નીચેના સૈનિકો નાનકિંગમાં બેફામ બની ભારે દુરાચાર ફેલાવશે.

આથી માત્સુઈએ નાનકિંગ પર ચઢાઈ વેળા અમલમાં મૂકવાના "મોરલ કમાન્ડમેન્ટસ" ના ફરમાન જારી કર્યા હતા.

તેમના ફરમાન મુજબ નાનકિંગ શગેરની સીમા બહાર ખડકાયેલી જાપાનીઝ લશ્કરની બટાલિયનો પૈકીની સૌથી શિસ્તબદ્ધ એવી માત્ર થોડી બટાલિયનોએ જ નાનકિંગમાં પ્રવેશ કરી મર્યાદાથી વર્તીને શહેર પર કબ્જો જમાવી દેવાનો છે, જેથી ચીનાઓ પર જાપાની લશ્કરની સારી છાપ પડે.

માત્સુઈ પોતે પથારીવશ હતા, છતાં તેમણે લશ્કરના કેટલાક અધિકારીઓની તેમના 'બેડ' પાસે મીટિંગ બોલાવી.

માત્સુઈએ લશ્કરી અધિકારીઓને "મોરલ કમાન્ડમેન્ટસ" અંગે વિસ્તૃત સમજ આપતાં કહ્યું કે, જાપાનના "ઈમ્પિરિઅલ આર્મી" નો વિદેશના પાટનગરમાં પ્રવેશની ઘટના ઈતિહાસની એક મોટી નોંધપાત્ર ઘટના બની રહેવાની છે. પૂરા વિશ્વનું આ ઘટના તરફ ધ્યાન છે. માટે લશ્કરનું એકેય યુનિટ અરાજકતા ફેલાવીને નાનકિંગમાં ના પ્રવેશે. આપણા લશ્કરનો એક પણ સૈનિક નાનકિંગમાં લૂંટફાટ ન કરે. જો કોઈ જાપાની સૈનિક લૂંટફાટ કરશે કે બેપરવાઈથી ફાયરિંગ કરશે તો તેને કડકમાં કડક સજા કરાશે.

આ તરફ માત્સુઈ; સૈનિકોને શિસ્તની તેમજ નીતિમત્તાની શીખામણ આપતા હતા, પણ બીજી તરફ આનાથી તદ્દન વિપરીત ચાલી રહ્યું હતું.

આઠમી ડિસેમ્બરે નાનકિંગથી દક્ષિણ પૂર્વમાં ૧૦ કિ.મી. દૂર જાપાની લશ્કરના હેડક્વાર્ટર ખાતે પ્રિન્સ અશાકા, જનરલ નાકાજિમાને મળ્યા. પ્રિન્સ અશાકા અને જનરલ નાકાજિમાએ પેરિસમાં સાથે કામ કર્યું હતું, એટલે આ બન્નેની પાકી દોસ્તી હતી.

નાકાજિમાએ પ્રિન્સને એવી બાતમી આપી કે નાનકિંગ નજીકમાં ખડકાયેલા ત્રણ લાખ ચીની સૈનિકોને આપણું લશ્કર હવે પૂરેપૂરા ઘેરી લેવાની તૈયારીમાં છે, પણ આપણને મળેલી પ્રાથમિક માહિતી મુજબ તો વાત એવી જાણવા મળી છે કે ચીની લશ્કર આપણે શરણે આવી જવા તૈયાર છે.

**૨૫,૦૦૦ થી ૬૦,૦૦૦ ચીની સ્ત્રીઓ**
**યુવતીઓ પર જાપાની સૈનિકોના બેરહેમ બળાત્કાર**

(ક્રમશઃ) ધ